EDII

Divyabhaskar

December 14, 2019
(Ahmedabad Front Page)

**ભાસ્કર વિશેષ** | EDIIમાં એડવાન્સ બિઝનેસ હિન્દી કોર્સ ચાલે છે, ચીની યુનિવર્સિટી પણ હિન્દીનો કોર્સ ચલાવે છે

# હિન્દી જાણનારાને ચીની કંપનીઓ વધારે પગાર આપતી હોવાથી ચીનના 120 વિદ્યાર્થી 3 લાખ ફી ભરી હિન્દી શીખ્યા

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)માં એડવાન્સ બિઝનેસ હિન્દી કોર્સમાં 2013થી 2019 સુધીમાં ચીનના 120 વિદ્યાર્થી, કંપનીના કર્મચારીઓ હિન્દી શીખી ચૂક્યા છે. 9 મહિનાના કોર્સ માટે ચીનના વિદ્યાર્થીઓ 3 લાખ ફી ચૂકવે છે. આવનારા સમયમાં ભારત અને ચીન વચ્ચે વ્યવસાયિક સંબંધો વધુ વિકસવાની સંભાવનાને કારણે ચીનના વિદ્યાર્થીઓ હિન્દી ભાષા શીખી રહ્યાં છે. ભારતમાં બિઝનેસ કરતી ચાઈનીઝ કંપની અને ચીનમાં બિઝનેસ કરતી ભારતીય કંપનીઓ પોતાના બિઝનેસ માટે હિન્દી જાણતા લોકોને વધારે પગાર સાથે નોકરી આપે છે. જેના કારણે ચીનની બેઈજિંગ, શિયાંગ જેવી યુનિવર્સિટીઓમાં પણ હિન્દી શીખવાનો કોર્સ ચાલે છે. આ અંગે પ્રોગ્રામ ડાયરેક્ટર ડો. અવધેશ જ્હાએ જણાવ્યું કે, ઈડીઆઈઆઈમાં 2013થી એડવાન્સ બિઝનેસ હિન્દી કોર્સ ચાલે છે. જેમાં ચીનની અલગ અલગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માત્ર હિન્દી તેમાં પણ ખાસ કરીને બિઝનેસ વિશેની માહિતી શિખવા છે. ભારતમાં માત્ર ઈડીઆઈઆઈમાં જ બિઝનેસ અને હિન્દી ભાષા સાથે શિખવવામાં આવે છે.

## હિન્દી ફિલ્મના સબટાઈટલ ચાઈનીઝમાં આપી યુવકો કમાણી કરે છે

ચીનમાં બોલિવૂડની ફિલ્મોનો મોટો ચાહક વર્ગ છે. પરંતુ ત્યાં રજૂ થતી ફિલ્મો ચીનની વિવિધ ભાષાના સબટાઈટલ સાથે દર્શાવવામાં આવે છે. હિન્દી શીખનારા ઘણા વિદ્યાર્થીઓ ફિલ્મોના સબટાઈટલ આપીને સારી કમાણી કરી શકે છે. ફિલ્મ ઉપરાંત ભારતની શોર્ટ ફિલ્મ, ડોક્યુમેન્ટરી પણ ચીનના લોકો જોવાનું પસંદ કરે છે. તેથી તેના સબટાઈટલ ચીનની ભાષામાં લખવાથી મોટી કમાણી થઈ શકે છે. ચીનમાં ફિલ્મ ક્ષેત્રે કરિયર બનાવનારા વિદ્યાર્થીઓ ખાસ અહીં હિન્દી શીખવા માટે આવે છે. છેલ્લા 6 વર્ષમાં 100થી વધુ ચીની વિદ્યાર્થી હિન્દી ભાષા શીખ્યા છે.

## 40 ચીની વિદ્યાર્થીને ભારતમાં જોબ મળી

ઈડીઆઈઆઈમાં હિન્દીનો કોર્સ કરીને અત્યાર સુધી 40 જેટલા વિદ્યાર્થીઓએ ભારતમાં જ નોકરી સ્વીકારી છે. હિન્દી કોર્સમાં જોડાતા પહેલાં ચીનની યુનિવર્સિટીમાં તેઓ મેનેજમેન્ટનો કોર્સ કરી ચૂક્યા હોય છે. તેથી તેઓ ભારતમાં સારી કંપનીઓમાં સારા પગારમાં જોબ મેળવે છે.

## વિદ્યાર્થી હિન્દીમાં વાતચીત કરે છે

9 મહિનાના કોર્સમાં ચીનના વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિની સાથે વાતચીત થઈ શકે તેવી તૈયારી કરાવાય છે. એક મહિનાની ઈન્ટરર્નશિપમાં વિવિધ પ્લાન્ટની વિઝિટ ઉપરાંત હિન્દી સાહિત્યના જાણીતા લેખકો અને કવિઓના જીવન અને તેમના કાર્ય વિશેની માહિતી પણ અપાય છે.